ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.- Minuets -16 Aug '11 /૨૦૧૧ –૧૨/ 269 to 281

તા. ૦૭/૦૯/'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૧૬મી ઓગષ્ટ '૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૬મી ઓગષ્ટ '૨૦૧૧**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B.S. Patel

I/c કુલસચિવ

**બિડાણ ;** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.



Daxa -

# તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧નાં રોજ સવારે ૧૧: ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સાતમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧નાં સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સાતમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. —સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૨. **યુનિવર્સિટીનાં સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફ ભરતી અન્વયે આસિસ્ટન્ટ પ્રોફેસર –વ્યાખ્યાતા નિમણૂક કરવા સંબંધે તા. ૭મી ઓગષ્ટ '૨૦૧૧નાં રોજ યોજાયેલ ઓપન ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિની કાર્યવાહી સંબંધે નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામાં આવેલ એમ.સી.એ. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફ આસિસ્ટન્ટ પ્રોફેસર – વ્યાખ્યાતાની બે (૨) જગ્યાઓ તથા M.Sc. (IT) અને P.G.D.C.A. માટે ચાર (૪) જગ્યાઓ ભરવા માટે ગત તા. ૭મી ઓગષ્ટ '૨૦૧૧ના રોજ ઓપન ઈન્ટરવ્યુ યોજવામા આવેલ હતા, તે અન્વયે પસંદગી સમિતિ દ્વારા થયેલ કાર્યવાહી સંબંધે થયેલ ભલામણોને બહાલ રાખવા ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરાયેલ એમ.સી.એ., એમ.સેસસી.–આઈટી, પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ ચલાવવા માટે આસિસ્ટન્ટ પ્રોફેસર –વ્યાખ્યાતાની જગ્યા ભરવા માટે ગત તારીખ ૭મી ઓગષ્ટ' ૨૦૧૧નાં રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણો મુજબ નીચેની વિગતે પસંદિત ઉમેદવારોને ૧૧ માસ અથવા શૈક્ષણિક સત્ર પુરુ થાય તે તારીખ સુધીના કરાર આધારિત નિમણૂક આપવા તથા હાજર કરવાની કાર્યવાહી હાથ ધરવી.

**એમ.સી.એ. વર્ગ માટે**

૧. શ્રી રાચ્છ રિતેશ.
૨. શ્રી હિના વી. ભટ્ટ.
૩. શ્રી ભાવેશ પી. દંતાણી.

**એમ.સેસસી.–આઈટી, પી.જી.ડી.સી.એ. માટે**

૧. શ્રી છાંગા દેવજી.
૨. શ્રી ગોરાણીયા શ્વેતા એ.
૩. શ્રી મિસ્ત્રી જલ્પા એ.
૪. શ્રી ઝાલા મહેન્દ્રસિંહ બી.

૩. **યુનિવર્સિટીના બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી માટે કરાર આધારિત ફાળવવામા આવેલ કામગીરીનો કરાર રદ્દ કરવા બાબત :**

યુનિવર્સિટીના જુદા જુદા બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી હાલે સાંઈ એજન્સી, અંકલેશ્વરને, નિયત કરાયેલ શરતોને આધિન ફાળવવામાં આવેલ છે અને તે અન્વયે સંબંધિત પાર્ટી કામગીરી બજાવે છે પરંતુ સાફ સફાઈની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાની ફરિયાદ મળતાં ગત તારીખ ૧૩મી મે ૨૦૧૧ના રોજ મળેલ એકિઝકયૂટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨૧ : દ્વારા ઠરાવવામા આવ્યા મુજબ અત્રેથી સદર પાર્ટીને તા.૨૭/૦૫/'૧૧ તા. ૨૨/૦૬/'૧૧ અને તા. ૨૦/૦૮/'૧૧નાં રોજ આમ કુલ ત્રણ નોટીશો આપવામાં આવેલ હતી, આમ છતાં સદર કામગીરી સંતોષકારક જણાયેલ નથી માટે સદર ઠરાવ દ્વારા નિયત થયા મુજબ આ શરતી કરાર રદ્દ કરવા અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સાફ સફાઈની કામગીરી સંબંધે ફાળવવામાં આવેલ કાર્યવાહી સંતોષકારક ન જણાંતા કરારની શરતોને આધિન નોટીશ અપાયા બાદ સદર કામગીરીમાં કેટલો સુધારો થયો તે બાબતે ફેર તપાસ કરવી આમ છતાં, જો કામગીરી સંતોષ કારક ન જણાય તો, કરારની શરતોને આધિન સદર કરાર રદ્દ કરવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવા તથા આ કામગીરી અન્યને ફાળવવા સંબંધે હાથ ધરવાની થતી કાર્યવાહી શરૂ કરવા માટેની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**૪. પરીક્ષા ફીની રકમમાં વધારો કરાવ અન્વયે નિયુકત કરાયેલ પરીક્ષા ફી વધારા સમિતીએ હાથ ધરાયેલ કાર્યવાહી અંગેના અહેવાલ બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમા **CBCS** અમલીકરણમા આવેલ હોતા તે અન્વયે સેમેસ્ટર દીઠ પરિક્ષા લેવાની થતી હોય, સેમેસ્ટર દીઠ ફી વસુલ કરવાની રહે છે માટે તેના દરો નિયત કરવા ગત તારીખ ૨૪મી જુન ૨૦૧૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની ખાસ સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ : દ્વારા એક સમિતિનું ગઠન કરવામા આવેલ હતુ સાથે સાથે સદર સમિતિને બાહ્ય અભ્યાસક્રમો(External)માટેની પરિક્ષા ફીની રકમમા વધારો કરવા બાબતે પણ યોગ્ય ભલામણ કરવા અંગેની કાર્યવાહી ફાળવવામા આવેલ હતી. સદર સમિતિએ હાથ ધરેલ કાર્યવાહી અંગેનો અહેવાલ અત્રે રજૂ કરેલ છે તે મુજબની ભલામણો સ્વીકારવા અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમા CBCS અમલીકરણ અન્વયે બદલનાર પરીક્ષા પધ્ધતિ મુજબ હવે વર્ષમાં બે વખત પરીક્ષા યોજવાની રહેતી હોય તે મુજબ પરીક્ષા ફીની રકમ નિયત કરવા તેમજ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં બાહ્ય અભ્યાસક્રમો(External) માટેની પરિક્ષા ફીની રકમમા પણ વધારો કરવા સંદર્ભે નિયુકત કરાયેલ સમિતિએ કરેલ ભલામણો નીચેની વિગતે સ્વીકારવી.**

## ➤ રેગ્યુલર અભ્યાસક્રમો સંબંધે પરીક્ષાલક્ષી ફીનું ધોરણ:

- **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પરીક્ષાલક્ષી ફી :**

| ક્રમ. | ફીની વિગત. | વસુલવાપાત્ર દર. |
|---|---|---|
| ૧. | પરીક્ષા ફી (પેપર દીઠ) | ₹ ૧૦૦/– |
| ૨. | પરીક્ષા ફી (પેપર દીઠ) નાપાસ / પાર્ટ / એ.ટી.કે.ટી./વગેરેના વિદ્યાર્થીઓ દીઠ | ₹ ૧૫૦/– |
| ૩. | પ્રેકટીકલ ફી | ₹ ૨૦૦/– |
| ૪. | વાઈવા ફી | ₹ ૧૦૦/– |

- **અનુ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પરીક્ષાલક્ષી ફી :**

| ક્રમ. | ફીની વિગત. | વસુલવાપાત્ર દર. |
|---|---|---|
| ૧. | પરીક્ષા ફી (પેપર દીઠ) | ₹ ૧૫૦/– |
| ૨. | પરીક્ષા ફી (પેપર દીઠ) નાપાસ વિદ્યાર્થીઓ દીઠ | ₹ ૨૦૦/– |
| ૩. | પ્રેકટીકલ ફી | ₹ ૨૫૦/– |
| ૪. | વાઈવા ફી | ₹ ૧૫૦/– |

## ➤ બાહ્ય અભ્યાસક્રમો(External)અભ્યાસક્રમો સંબંધે પરીક્ષાલક્ષી ફીનું ધોરણ:

- **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પરીક્ષાલક્ષી ફી :**

| ક્રમ. | ફીની વિગત. | વસુલવાપાત્ર દર. |
|---|---|---|
| ૧. | રજીસ્ટ્રેશન ફી | ₹ ૧૦૦૦/– |
| ૨. | પરીક્ષા ફી | ₹ ૭૦૦/– |
| ૩. | ડેવલોપમેન્ટ ફી | ₹ ૧૦૦/– |
| ૪. | મીસેલીયન ફી | ₹ ૧૦૦/– |
| ૫. | માર્કશીટ ફી | ₹ ૧૦૦/– |
| | કુલ : | ₹ ૨૦૦૦/– |

- **અનુ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પરીક્ષાલક્ષી ફી :**

| ક્રમ. | ફીની વિગત. | વસુલવાપાત્ર દર. |
|---|---|---|
| ૧. | રજીસ્ટ્રેશન ફી | ₹ ૧૫૦૦/– |
| ૨. | પરીક્ષા ફી | ₹ ૭૫૦/– |
| ૩. | ડેવલોપમેન્ટ ફી | ₹ ૧૦૦/– |
| ૪. | મીસેલીયન ફી | ₹ ૧૦૦/– |
| ૫. | માર્કશીટ ફી | ₹ ૧૦૦/– |
| | કુલ : | ₹ ૨૫૫૦/– |

ઉપરોક્ત વિગતે મંજૂર કરાયેલ પરીક્ષાલક્ષી ફી, જયારે વિદ્યાર્થી પ્રવેશ / સત્ર ફીની રકમ ભરે ત્યારે તેની સાથે જ ભરવાપાત્ર થશે.

યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા તમામ અભ્યાસક્રમો માટેની પરીક્ષાઓ અન્વયે રી–અસેસમેન્ટ ફી ₹ ૩૦૦/– અને રી–ચેકીગ ફી ₹ ૭૫/– વસુલવાપાત્ર રહેશે.

બાહ્ય અભ્યાસક્રમો (External) અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓ જો યુનિવર્સિટી ગ્રંથાલયનો ઉપયોગ કરવા ઈચ્છે તો, તેઓએ ડિપોઝીટ પેટે ₹ ૫૦૦/– અને ગ્રંથાલય ફી પેટે ₹ ૭૫/– ચૂકવવાપાત્ર રહેશે.

સદર સમિતીએ કરેલ અન્ય ભલામણો નીચેની વિગતે સ્વીકારવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. સ્વનિર્ભર સંસ્થાઓ પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે રકમ મેળવવા માટે સંસ્થાને મળતી આ ફીની આવકનાં ૫% રકમ વસુલવી.

સદર ભલામણ અન્વયે આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત હવે પછીની એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની સભામાં યોગ્ય વિચારણા અર્થે રજૂ કરવી.

૨. રેગ્યુલર અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ પાસેથી હાલે વિદ્યાર્થી દીઠ વસૂલ કરવામાં આવતી રમતગમત, સાંસ્કૃતિક અને ઝોન ફાળાની રકમમાં વધારો કરી ₹ ૫૦/– વસુલવા.

૩. રેગ્યુલર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો / સંસ્થાઓ કે જેઓ રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેતી નથી અને ક્રમ –રની વિગતે ફીની રકમ યુનિવર્સિટી ખાતે જમાં પણ કરાવતી નથી તેવી કોલેજો / સંસ્થાઓએ આવી ફીની રકમ સદર કાર્યક્રમોમાં ભાગ લે કે ન લે તો પણ અત્રે ફીની રકમ જમા કરાવવાની રહેશે.

ક્રમ–ર અને–૩ની સદર ભલામણો અન્વયે આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો / સંસ્થાઓ પાસેથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતી રમતગમત, ખેલ–કૂદ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધા સંબંધિત તથા તે અન્વયે નિયત કરાયેલ ફીની રકમ માટે અનુક્રમે પ્રવૃત્તિઓનું નામ, ભાગ લીધાનું વર્ષ અને વિદ્યાર્થીઓની સંખ્યા અને પરિણામ તથા ભરેલ ફીની કુલ રકમ, ચૂકવણાનો પ્રકાર અને તારીખ વગેરેની વિગતો મેળવવી ત્યાર બાદ સદર બાબત ફેર વિચારણા અર્થે રજૂ કરવી.

## ૫. સ્વર્ણિમ ગુજરાત રંગમંચ પર સુવિધા ઉભી કરવા બાબત :

યુનિવર્સિટી કેમ્પસ પર તૈયાર કરવામા આવેલ સ્વર્ણિમ ગુજરાત રંગમંચ પર જુદી જુદી સુવિધાઓ ઉભી કરવાની રહે છે જે અન્વયે પ્રથમ તબકકે ગ્રીન રૂમ તથા વેધર શેડ તૈયાર કરવા અંગે ચર્ચા વિચારતાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, સ્વર્ણિમ ગુજરાત રંગમંચ પર અન્ય સુવિધાઓ ઉભી કરવા માટે હાલે બે ગ્રીન રૂમો તથા વેધર સેડ તૈયાર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૬. **ફાયનાન્સ કમિટીની ભલામણો સ્વીકારવા બાબત :**

ફાયનાન્સ કમિટીની તા. ૧૬/૦૮/'૧૧નાં રોજ મળેલ સભા દરમ્યાન હાથ ધરાયેલ કાર્યવાહી અન્વયે કરાયેલ ભલામણલને બહાલ રાખવા અંગે ચર્ચા વિચારતાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬ :** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, તા. ૧૬/૮/'૧૧નાં રોજ મળેલ ફાયનાન્સ કમિટીની સભા દરમ્યાન કરાયેલ ભલામણોને આથી મંજૂર કરવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---